


# ધર્મ અને સંપ્રદાય અલગ અલગ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# ધર્મ અને સંપ્રદાય અલગ અલગ

દેવીઓ અને ભાઈઓ,

ધર્મ એ જીવન જીવવવાની એક એવી પદ્ધતિ છે કે જેમાં માનવીય મહાનતાને ધ્યાનમાં રાખીને એવી રીતે જીવવામાં આવે છે કે જેના પ્રકાશમાં લોકોને શ્રેષ્ઠતાની દિશામાં અગ્રેસર થવાની પ્રેરણા મળે. સંપ્રદાય એ સમય અને પરિસ્થિતિ મુજબ ચાલચલગત આપનાવવાવાળી એક એવી વિધિ વ્યવસ્થા છે કે જે કેટલીયે વાર બદલાય છે અને સમય સમયે બદલાતી રહેશે. સમયના પ્રવાહમાં ઘસાવા અને તૂટવાને કારણે તે અસ્થિર રહે છે તેથી નાવની જેમ વારંવાર તેનું સમારકામ કરવું પડે છે.

ધર્મને કર્તવ્યનો પર્યાય માનવામાં આવ્યો છે. ધર્મનું રૂપ પ્રેમ છે જ્યારે અધર્મનું રૂપ દ્વેષ હોય છે, માનવસમાજમાં શાંતિ, સદ્દભાવના અને ભાઈચારાને અખંડ બનાવવો એ જ ધર્મનું ધ્યેય છે. ખરું માનો તો માનવમાત્ર ધર્મ એક જ છે. માથાં એટલાં ધર્મ એ તો સાંપ્રદાયિક્તાનું જ પરિણામ છે. આજે ધર્મના નામ પર એટલી ધાંધલ મચેલી છે કે માનવસમાજનો એક વર્ગ તો ધર્મનું અસ્તિત્વ નામશેષ કરી નાખવાનો પ્રયત્ન કરી રહ્યો છે. તેમનું માનવું એવું છે કે ધર્મથી માનવીય પ્રેમ, એક્તા, બંધુતાને બદલે આપસમાં દ્વેષ, દુર્ભાવ અને લડાઈ ઝઘડા થતા હોય તો ધર્મનો જેટલો જલદી લોપ થાય તેટલું માનવસમાજ માટે કલ્યાણકારી રહેશે. વાસ્તવમાં ધર્મ એ આત્માને પરમાત્માનું જ્ઞાન કરાવતી એક ચીજ છે. પરંતુ આજે સંસારની દશા વિચિત્ર છે. ધર્મના નામે અનેક સંપ્રદાયો બની ગયા છે.

એક સંપ્રદાય પોતાને બીજા બધા સંપ્રદાયોથી મહાન સમજે છે તથા પોતાના અનુયાયીઓને એમ જ શિખવાડે છે કે તેમના દ્વારા જ ઈશ્વર અને મોક્ષની પ્રાપ્તિ થઈ શકશે અને અન્ય બધા સંપ્રદાયોવાળા નરકમાં જશે. ક્યારેક ક્યારેક તેનું વિભત્સ રૂપ જોઈને હૃદયમાંથી ક્યારેક અચાનક ઉદ્દગાર નીકળી પડે છે કે જો આ જ ધર્મ છે તો અધર્મની પરિભાષા શું હશે?

સાંપ્રદાયિકતાના આ વરવા રૂપને જોઈને આપણા દેશના કેટલાક વિવેકી નવયુવકોને ધર્મ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ છે અને તેઓ ધર્મની હસ્તીને નામશેષ કરવા નીકળી પડયા છે તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? પ્રાચીનકાળમાં જ્યાં ધીરજ, ક્ષમા, દમ, ચોરી ન કરવી તે , શૌચ, ઈન્દ્રિય – નિગ્રહ, ધીઃ, વિદ્યા, સત્ય અને અક્રોધને વધારવું – એ જ ધર્મ સમજવામાં આવતો હતો ત્યાં આજે અનેક પ્રકારના સંપ્રદાયો અને વાડાને કારણે અશાંતિ, ઝઘડા, ઉપદ્રવ અને પરસ્પરનો વિગ્રહ જ ધર્મના દીવાનાઓનો ધર્મ બની ગયો છે. સંસારમાં એવા ક્યાં કુકૃત્યો છે કે ધર્મના નામે નથી થયાં ?

મનુષ્યમાત્રનો એક જ ધર્મ છે અને એ એક જ રહેવો જોઈએ. તેમા મતભેદની કોઈ શક્યતા જ નથી. તો પછી ધર્મ એ ઝઘડા અને અનાચારનું કારણ શા માટે બને છે ? તેના જવાબમાં એક જ વાત કહી શકાય કે આ તો સંપ્રદાયવાદની વિકૃતિ છે જે ધર્મના નામે પોતાની મરજી મુજબની વાતો ઈશ્વર ઉપર થોપે છે અને શાસ્ત્રકારો તથા પીરપયંગબરોને મોંઢે કહેવડાવે છે. ધર્મ સંસ્થાપકોમાં મોટે ભાગે બધા સુધારાવાદી પણ થયા છે. તેઓએ પ્રાચીન પરંપરાઓને બદલીને તેના સ્થાને નવી પરંપરાઓની સ્થાપના કરી છે. વિચારવાની બાબત એ છે કે ઈશ્વરને એવી શું પડી હતી કે અમુક સમયે એક પ્રકારની માન્યતાનું પ્રચલન કર્યા બાદ થોડા સમય પછી તેમાં પરિવર્તન કરવા માટે નવા સુધારકોને મોકલવા પડ્યા?

વાસ્તવિકતાએ છે કે ધર્મ અનાદી તથા અનંત છે. તેમાં પ્રેમ અને કરુણા, સંયમ અને સેવાને આશ્રય આપવામાં આવ્યો છે. બધા જ ધર્મોમાં આ મહાન સિદ્ધાંતો સમાયેલા છે. તેથી તેને ધર્મનો આત્મા ગણવો જોઈએ. તેમા છળ, દંભ, નિષ્ઠુરતા, ક્રુરતા અને ગુનાહિત કુપ્રવૃત્તિઓ માટે ક્યાંય કોઈ શક્યતા છે જ નહીં.

સંપ્રદાયો વચ્ચે એવો દુરાગ્રહ જોવા મળે છે કે અમારી માન્યતાઓ અને રીતરિવાજો જ સાચા છે. આના સિવાય બધા ખોટા છે. પોતાનાં પુસ્તકોમાં જે કહેવાયું છે તે જ ઈશ્વરની વાણી છે અને એનાથી અલગ માન્યતાવાળા બધા નાસ્તિક છે અને તેમને તો નિંદ્ય તેમજ આ ધરતી પરથી મિટાવવા યોગ્ય માનવામાં આવ્યાં છે

આ પ્રકારની સમજ ઈશ્વરકૃત ન હોઈ શકે. આ તો ફક્ત સંપ્રદાયોનો દુરાગ્રહ જ છે. આના કારણે જે લૂંટમાર, ખૂન અને ઘૃણા તથા દ્વેષની ભાવના તથા પરાયાપણાના ભાવ પેદા થાય છે અને ફેલાય છે.

રીત-રિવાજો હંમેશા નવા બનતા રહ્યા છે. સાંપ્રદાયિક અનુબંધોમાં અંતર પડી રહ્યું છે. છતાં પણ માનવધર્મનો મૂળભૂત આધાર હંમેશા એક જ રહ્યો છે. રીત-રિવાજો હંમેશા સમયની સાથે ચાલતા રહ્યા છે. જેમ દર્શન, તત્વજ્ઞાન, ધર્મશાસ્ત્રની અલગતા પણ એ પ્રકારની જ છે, જે પ્રકારે એક જ બગીચામાં ઊગેલા પુષ્પોના રંગ તેમજ સુગંધ જુદાં જુદાં હોય છે, છતાં પણ તેના કારણે બગીચાની શોભા વધે છે ઘટતી નથી. અલગ અલગ વિશેષતાઓવાળા પુષ્પો એકબીજાના દુશ્મન નથી હોતાં કે નથી કોઈને ઉખાડીને ફેંકી દેવાની વાત પણ કરતાં. આ જ વાત દર્શનશાસ્ત્ર તથા આચારસંહિતાઓના સંદર્ભમાં પણ છે. પ્રાચીન માન્યતાઓમાં જે જે વિકૃતિઓ સમાઈ ગઈ હતી તેના નિરાકરણ માટે દર્શનશાસ્ત્ર તથા આચારસંહિતાઓ અસ્તિત્વમાં આવી છે. જ્યારે જુદા જુદા પ્રકારનાં વસ્ત્રો પહેરનારાઓ એક જ રેલગાડીમાં બેસીને મુસાફરી કરી શક્તા હોય તો મજહબની અલગતા હોવાં છતાં પણ કોઈ કોઈના પર હાવી થઈ જાય તે સહેજ પણ જરૂરી નથી.

આપણી સાંપ્રદાયિક મનોવૃત્તિને કારણે દુનિયામાં આપણે ખુબ ખરાબ રીતે બદનામ થઈ રહ્યા છીએ. વિશ્વની પ્રજા આપણને હંમેશા નફતરની નજરથી જુએ છે અને વિચારે છે કે આપણે તો હંમેશા ગુલાબ રહેવાને લાયક જ છીએ. હજુ પણ સમય છે. આપણે જાગૃત થઈ જવું જોઈએ. ધર્મના મૂળ સ્વરૂપને ઓળખી લેવું જોઈએ. ધર્મનો ધંધો માનવસમાજમાં ફાટફુટ પાડીને વેરભાવ ફેલાવવાનો નથી. ધર્મ નો સ્નહે, સદ્દભાવના, સહનશીલતા, સહૃદયતા અને સાત્વિક સિદ્ધાંતોનું પવિત્ર ઝરણું છે, માનવજીવનને ઉચ્ચ અને પવિત્ર બનાવવાનું સાધન છે. જ્યારે આપણે ધર્મના વિશુદ્ધ સ્વરૂપને ઓળખીને તે મુજબનું જીવન જીવવાનો સંકલ્પ કરી લઈશું અને સંકુચિત સાંપ્રદાયિકતા છોડીને મનુષ્યના આચરણ પરથી તેનું મૂલ્ય આંકીશું ત્યારે આપણે રાષ્ટ્રીય ભાવનાને પુષ્ટ કરી શકીશું અને જાતીય જીવનની જ્યોતિને ઝગમગાવી શકીશું. એટલું યાદ રાખો કે ગુલામ પ્રજાનો કોઈ ધર્મ હોતો નથી.

ધર્મ અને દાસત્વમાં પરમાત્મા અને રાક્ષસ જેટલું અંતર છે. આપણા દેશને પરમાત્મા સાચા ધર્મથી ઓતપ્રોત કરી દે એ જ મારી ઈચ્છા છે.

દરેક ધર્મ માટે ઉપયોગમાં લેવાતાં સંબોધનો પણ ધર્મના વાસ્તવિક લક્ષ્ય પર પ્રકાશ પાડે છે. ‘ ઈસ્લામ ‘ શબ્દ ‘સલ્મ’ માંથી બન્યો છે, જે શાંતિ અને અમનનો પર્યાય છે. ‘ અર્થાત્ ઈસ્લામનો અર્થ છે – સંસારમાં શાંતિની સ્થાપના. વૈદિક ધર્મ અર્થાત્ – જ્ઞાનનો ધર્મ. માનવમાત્રને આત્મસત્તા એક અભિન્ન અંગ માનનારો ધર્મ. બૌદ્ધ ધર્મ અથાત્ બુદ્ધિ-વિવેકનો ધર્મ. ક્રિશ્ચિયેનીટી શબ્દ ‘ક્રિસ્ટાસ’ શબ્દથી બન્યો છે. જેઓ અર્થ છે ઈશ્વરીય જ્ઞાનમાં નહાયેલો અર્થાત્ માનવમાત્રમાં એકસત્તા જોવાવાળો જાપાનનો પૌરાણિક ધર્મ શિન્તો છે. શિન્તોનો અર્થ ‘બધા આત્માઓનો એક પરમ પથ’ થાય છે. પ્રચલિત ધર્મ ‘તાઓ’ નો અર્થ પણ સર્વશ્રેષ્ઠ રસ્તો થાય છે. આ બધામાં ધર્મ શબ્દ ક્યાંય સંકુચિત સાંપ્રદાયિક અર્થમાં વપરાયો નથી. અલગ અલગ પ્રકારે આખરે દરેક ધર્મનો સૂર એક જ છે કે જે સમગ્ર માનવસમાજને એકસૂત્રતામાં રાખે અને તેમને સદ્દમાર્ગ પર ચલાવાની પ્રેરણા આપે તે જ સાચો ધર્મ છે.

તો પછી રોજ ઊઠીને જુદા જુદા ધર્મના અનુયાયીઓમાં મતભેદ કેમ જોવા મળે છે ? સાંપ્રદાયિકતાનાં યુદ્ધો કેમ છેડાય છે ? તેનો જવાબ સ્પષ્ટ છે – ‘ધર્મના શાશ્વત લક્ષ્યોની અવગણના કરવી તથા બાહ્ય આડંબરો તથા ક્રિયા વિધિઓને વધારે પડતું મહત્વ આપવું’. જે લોકો ધર્મના વાસ્તવિક સ્વરૂપથી અજાણ છે તે લોકો જ અમુક ધર્મ મોટો અને અમુક ધર્મ નાનો તેવાં નિવેદનો કરે છે. ભ્રમણાઓ ફેલાવવામાં અને પરસ્પર વેરભાવ પેદા કરવામાં આવા દિશાશૂન્ય મનુષ્યોનો ફાળો મોટો છે. ધર્મનું જીવંત રૂપ વર્તનમાં શ્રેષ્ઠ વ્યક્તિત્વના રૂપમાં જોવા મળે છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે પોતાના પ્રકાશથી અનેકોનાં હૃદયોને પ્રકાશિત કરે છે અને નવજીવનનો સંચાર કરે છે.

ધર્મની સાક્ષાત્ જીવંત પ્રતિમાના રૂપમાં આવા મનુષ્યો જ્યાં જ્યાં અવતાર ધારણ કરે છે, તેમુનં સાંનિધ્ય પામવા માટે દરેકનું મન લલચાય છે. સંપ્રદાય અને મજહબની સાંકડી દીવાલો તેમને સંકુચિતતાના ઘેરામાં બાંધી શક્તી નથી.

પોતાની સત્તા બધામાં અને બધાને પોતાનામાં જોનાર બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, મહાવીર વગેરેને કેવી રીતે કોઈ વિશેષ સંપ્રદાયના પ્રતિનિધિ માની શકાય. એ વાત સાચી છે કે આ મહાપુરુષોએ કોઈ એક સંપ્રદાયમાં જન્મ લીધો પરંતુ એ પણ સત્ય છે કે તેમણે સાંપ્રદાયિક બંધનોનો ક્યારેય પણ સ્વીકાર કર્યો ન હોતો. તેમણે હંમેશાં વિનય – વિવેકનો આશરો લીધો અને અલગ અલગ ધર્મોને એક ધર્મના રૂપે સ્વીકાર કર્યો. એક વિશેષ પંથના અનુયાયી હોવા છતાં તેઓએ હંમેશા સાર્વભૌમ સિદ્ધાંતોનું સમર્થન કર્યું અને સમગ્ર માનવજાતને એકસૂત્રમાં બાંધવાનો પ્રયત્ન કર્યો. ‘ આત્મવત્ સર્વભૂતેષુ’ ‘વસુધૈવ કુટુંમ્બકમ ‘ આ મહાનુભાવોનો મૂળ મંત્ર રહ્યો છે.

જ્યારે કોઈ બીજાઓ સાથે પોતાની ખુશીઓ વહેંચવાની તથા બીજાનાં દુઃખદર્દમાં ભાગ પડાવવાની ઈચ્છા જાગૃત થાય તો સમજી લેવું કે જીવનમાં ધર્મ જ પ્રત્યક્ષપણે અવતરિત થઈ રહ્યો છે. આ વિશેષતાઓથી વિભૂષિત વ્યક્તિ કોઈ પંથ, ધર્મ કે મજહબનો અનુયાયી ન હોવા છતાં સાચા અર્થમાં ધાર્મિક ગણાશે. આનાથી ઉલટું જ્યાં પણ ભ્રમ, આશંકા તથા ઘૃણા અને દ્વેષનું વાતાવરણ તૈયાર થઈ રહ્યું હોય જેના કારણે મનુષ્ય મનુષ્ય વચ્ચે ટકરાવ પેદા થાય ત્યાં સમજી જવું જોઈએ કે ધર્મની આડમાં અધર્મને પોષણ મળી રહ્યું છે તથા સાંપ્રદાયિકતાનું વિષ વૃક્ષ ઉછરી રહ્યું છે.

એક ધર્મપ્રધાન દેશ હોવાને કારણે આપણા દેશમાં ધર્મમાં શ્રદ્ધા રાખવાવાળાની સંખ્યા વધુ છે. સંપ્રદાય અને પંથોની સંખ્યા પણ વધુ છે. ધાર્મિક બાબતે ભ્રમણાઓની પણ કોઈ કમી નથી. જેટલા સાંપ્રદાયિક ઝઘડાઓ આપણા દેશમાં થાય છે તેટલા ભાગ્યે જ વિશ્વના કોઈ અન્ય દેશમાં થતા હશે. હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, બૌદ્ધ વગેરે વિભિન્ન ધર્મોને માનવાવાળા આપણા દેશમાં એ સાથે વસે છે. વિભિન્ન મતમતાંતરોને માનવાવાળા આપણા દેશમાં પહેલા પણ એકસાથે રહેતા હતાં. પરંતુ પોતપોતાના સંપ્રદાયોમાં રહેવા છતાં તેઓ હંમેશા મનુષ્યજાતને એકસૂત્રતામાં બાંધવા માટે અને સમતા, સૂચિતા અને સહિષ્ણુતાના પાઠ હૃદયંગમ કરાવવા માટે જ પ્રયત્નશીલ રહેતા હતા અને એટલા માટે જ ભારતીય સંસ્કૃતિ અને ધર્મએ વિશ્વમાં અસાધારણ ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કર્યું હતું કાળાંતુર ધર્મના મુખ્ય લક્ષ્ય ગૌણ બની જવાથી તથા સંપ્રદાયોને ધર્મનો પર્યાય માનવાથી મતભેદ વધવા લાગ્યા.

જે દેશે ક્યારેક પોતાની સાંસ્કૃતિક વિશેષતાઓને કારણે આખી દૂનિયામાં અનુપમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું તે જ દેશ આજે સાંપ્રદાયિક મતભેદોને કારણે વિઘટનના કિનારે ઊભો છે. આવી પરિસ્થિતિમાં વિભિન્ન ધર્મ-સંપ્રદાયોનું નેતૃત્વ કરવાવાળા બુદ્ધિજીવી વ્યક્તિઓનું એ નૈતિક કર્તવ્ય બને છે કે દેશની એક્તા તથા અખંડિતતા રાખવા માટે તથા બધાને એકસૂરતામાં બાંધવા માટે ધર્મને સંપ્રદાયોની સંકુચિતતામાંથી બહાર કાઢે અને તેના સ્વરૂપ અને લક્ષ્યને યોગ્ય રૂપે રજૂ કરે.

વિભિન્ન સંપ્રદાયોના અનુયાયીઓ પોતાની પૂજાપદ્ધતિ ભલે પરંપરા મુજબ ચાલુ રાખે પરંતુ બધા ધર્મના સંપ્રદાયોના પ્રમુખ અને વિશિષ્ટ વ્યક્તિઓ એક સાથે બેસીને ધર્મના સર્વમાન્ય સિદ્ધાંતો પર સંમત થાય અને  એ જ સિદ્ધાંતોના પ્રચાર અને પ્રસાર માટે સંગઠિત થઈને પ્રયત્ન કરવો જોઈએ. તેના માટે કાર્યક્રમ બનાવવો જોઈએ. ગાયત્રી પરિવાર આ પ્રકારના પ્રયાસોનું હાર્દિક સ્વાગત કરે છે.

‘ વિચારક્રાંતિ અભિયાનને અત્યારના સમયની સૌથી અશક્ત મહાક્રાંતિ ગણવી જોઈએ. આ અભિયાનને સતયુગ પાછો લાવવા માટે, નવયુગના ગંગાવતરણ માટેના પ્રચંડ પ્રયત્નના રૂપમાં ગણવો જોઈએ. યુગધર્મને ઓળખવીને ભાવનાશાળી વર્ગને યુગાંતરીય ચેતના સાથે જોડવો જોઈએ. હાલના તબક્કે તો અગ્રણીઓ બુદ્ધિજીવીઓના સહિયારા પ્રયત્નોની અત્યંત આવશ્યકતા છે. વિશેષ કરીને જ્યારે આ અવસર સ્વયં પોતાનાં અનેક અરમાનો લઈને આપણા જ બારણે આવી ઊભો છે, તયારે દરેક પ્રાણવાન મનુષ્યે આ ભગીરથ કાર્યમાં પોતાની ભાગીદારી નોંધાવવી જોઈએ, સહયોગ આપવો જોઈએ.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૦૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.